/૦

ગુજરાત અશક્ત વ્યક્તિઓ અધિકાર નિયમો, ૨૦૧૯ની જોગવાઇ મુજબ દિવ્યાંગતા સંબધિત સંશોધન માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૧૫૮૩૪૧/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૫/૦૩/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં. જીએચ/એસએચ/૦૮/એપીજી/૧૦૨૦૧૭/૮૮૦૧૩/છ-૧

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૯/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: સસુખા/અપગ/ ૨૦૨૦-૨૧/૫૮.

આમુખ :-

ભારત સરકાર દ્વારા દિવ્યાંગોના અધિકારોના રક્ષણ તેમજ કલ્યાણ માટે અમલી કરેલ The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ નં.૧૦૧(૧)માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ ગુજરાત સરકાર દ્વારા ગુજરાત અશક્ત વ્યક્તિઓના અધિકાર નિયમો, ૨૦૧૯ વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના વિભાગના જાહેરનામાથી અમલી કરેલ છે. ગુજરાત અશક્ત વ્યક્તિઓ અધિકાર નિયમો, ૨૦૧૯ના પ્રકરણ-૩ના નિયમ-૪ મુજબ દિવ્યાંગતા સંબધિત સંશોધન માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના કરવાની રહે છે. દિવ્યાંગોના સશક્તિકરણ માટેના જરૂરી મુદ્દાઓ વિશે વ્યક્તિગત અને સંસ્થાઓ થકી સંશોધન માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ગુજરાત અશક્ત વ્યક્તિઓના અધિકાર નિયમો, ૨૦૧૯ના પ્રકરણ-૩ના નિયમ-૪માં અશકતતા અંગેના સંશોધન માટે રાજ્ય સમિતિ માટે બનાવેલ નિયમો તથા ક્રમાંક(૨)ના નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સમિતિની રચના માટે સૂચવેલ નામો ધ્યાને લઇ, પુખ્ત વિચારણાને અંતે દિવ્યાંગતા સંબધિત સંશોધન માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના નીચે મુજબ કરવામાં આવે છે.

| ક્રમ | નામ/હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ. રાજેશ સોલંકી, ઓર્થોપેડિક સર્જન અને નિયામકશ્રી, ઓર્થોપેડિક વિભાગ, સિવીલ હોસ્પિટલ, અમદાવાદ. | અધ્યક્ષ |
| ૨ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર. | સભ્ય સચિવ |
| ૩ | નિયામકશ્રી, તબીબી સેવાઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર. | સભ્ય |
| ૪ | ડૉ. અજય ચૌહાણ, માનસિક આરોગ્યની હોસ્પિટલ, અમદાવાદ. | સભ્ય |
| ૫ | ડૉ. કનુભાઇ ટેલર, ડીસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઇન્ડીયા, સુરત | સભ્ય |
| ૬ | ડૉ. રોનક પ્રમોદભાઇ પંડિત, અર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા | સભ્ય |
| ૭ | શ્રી જણસારી હેમેન્દ્ર નલિનભાઇ, શ્રી લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ, કચ્છ-ભૂજ. | સભ્ય |
| ૮ | શ્રીમતી આશાબેન નિતેશ સોલંકી, જયના અનુપમ એન પરમાર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી જલારામ મનોવિકાસ કેન્દ્ર, વલસાડ | સભ્ય |

ગુજરાત અશક્ત વ્યક્તિઓ અધિકાર નિયમો, ૨૦૧૯માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ સમિતિના નામનિયુક્ત સભ્યોની હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે. આ સમિતિએ The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ નં.૨૮માં દર્શાવેલ દિવ્યાંગતા સંબધિત સંશોધન અને વિકાસ ક્ષેત્રે કાર્ય કરવાનું રહેશે.

ગુજરાત અશક્ત વ્યક્તિઓ અધિકાર નિયમો, ૨૦૧૯ના નિયમ-૪ અંતર્ગત "અશકતતા અંગેના સંશોધન માટે રાજ્ય સમિતિ" માટેના નીચે મુજબના નિયમો સમિતિને લાગુ થશે.

૧) અધ્યક્ષ, ખાસ આમંત્રિત મહેમાન તરીકે કોઇ તજજ્ઞને આમંત્રણ આપી શકશે.

૨) નામનિયુક્ત સભ્યોની હોદ્દાની મુદત, તેઓ હોદ્દો ધારણ કરે તે તારીખથી ત્રણ વર્ષ સુધીની રહેશે, પણ નામનિયુક્ત સભ્યો એક વધુ મુદત માટે પુન:નામનિયુક્તિ માટે પાત્ર થશે.

૩) બેઠકનું કોરમ અડધા સભ્યોનું રહેશે.

૪) બિન-સરકારી સભ્યો અને ખાસ આમંત્રિતો, રાજ્ય સરકારના વર્ગ-૧ના અધિકારીને મળવાપાત્ર હોય, તેટલા મુસાફરી ભથ્થાં માટે હકદાર રહેશે.

૫) રાજ્ય સરકાર, સમિતિ માટે પોતે જરૂરી ગણે તેવા કારકુની અને અન્ય સ્ટાફની જોગવાઇ કરી શકશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મુખ્યમંત્રીશ્રીની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, બ્લોક નં-૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સમિતિના અન્ય સભ્યશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ઠરાવને વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીની સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.